For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અલથાણ રૂટ પર મેટ્રોના ટ્રેક નાંખવાનું કામ ૮૦ ટકાથી વધુ પૂર્ણ થઇ ગયું

■ સુરતના સૌથી મહત્વના ગણાતો મેટ્રો પ્રોજેક્ટ હવે ધીરે ધીરે ગતિ પકડી રહ્યો છે. અલથાણથી ડ્રીમસિટી સુધીનું કામ સૌથી વધુ ઝડપથી ચાલી રહ્યું છે. અલતાણ રુટ પર તો ટ્રેક નાંખવાનું કામ ૮૦ ટકાથી વધુ પૂર્ણ થઇ ચૂક્યું છે. **(તસવીર : હેમંત ડેરે)**

ઘેલાણીના આપઘાતમાં 30 કરોડના સિન્થેટિક હીરાના રોકાણનું કનેક્શન?

પૂનમને મોહરું બનાવી મુકેશ અને મહેશે બ્લેકમેલિંગનું કાવતરું રચ્યું હોવાની ચર્ચા

પૂનમની બહેન પ્રિયા સંભવતઃ આજે પોલીસને નિવેદન આપવા આવશે

સુરતઃ શહેરના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યા પ્રકરણમાં ઉમરા પોલીસે આરોપી પૂનમ ભદોરિયાની ધરપકડ કરી તેને જેલને હવાલે કરી છે. જો કે, આ હાઈપ્રોફાઈલ કેસમાં હજુ પણ અનેક રહસ્યો અકબંધ છે. ચર્ચાઈ રહ્યું છે કે તુષારભાઈને બ્લેકમેલ કરવા પાછળનું મુખ્ય કારણ સિંથેટિક ડાયમંડમાં થયેલું કરોડોનું રોકાણ હોઈ શકે છે. પૂનમની બેન પ્રિયા આવતીકાલે પોલીસને નિવેદન આપવા આવશે.

સિટીલાઈટની સંગમ સોસાયટીમાં રહેતા તુષાર ઘેલાણીએ ગત ૧લી તારીખે પોતાની રિવોલ્વરથી ગોળી મારી આત્મહત્યા કરી હતી. દીકરીના લગ્ન પ્રસંગે જ પિતાએ આવું અંતિમ પગલું ભરતા સમગ્ર સુરત સ્તબ્ધ થઈ ગયું હતું. બનાવના ૧૦ દિવસ બાદ પુત્રી તન્વીની ફરિયાદને આધારે પોલીસે પૂનમ ભદોરિયા વિરુદ્ધ મિલકત હડપ કરવા અને માનસિક ત્રાસ આપવાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. એસીપી ઝેડ.આર. દેસાઈની તપાસમાં આર્થિક અને માનસિક શોષણના પુરાવા મળ્યા છે.

તુષારભાઈના મિત્ર વર્તુળમાં થતી ચર્ચાઓ મુજબ, આ કેસમાં મહેશ અને મુકેશ નામના બે શખ્સના નામ ઉછળ્યા છે. એવું મનાય છે કે તુષારભાઈએ આ બંને સાથે મળીને સિંથેટિક ડાયમંડમાં અંદાજે 30 કરોડનું રોકાણ કર્યું હતું. આ રોકાણ પરત ન કરવું પડે તે માટે મહેશ અને મુકેશે પૂનમ ભદોરિયાને 'મોહરું' બનાવી તુષારભાઈને બ્લેકમેલ કરવાનું કાવતરું રચ્યું હોવાની આશંકા છે. આ બંને શખ્સો શહેરના મોટા ગજાના વેપારી અને બિલ્ડર હોવાનું જાણવા મળ્યું છે. પૂનમની બહેન પ્રિયા હજુ સુધી પોલીસ સમક્ષ નિવેદન આપવા હાજર થઈ નથી. પોલીસે તેને અનેકવાર બોલાવી હોવા છતાં તે કૌટુંબિક કારણો ધરીને તપાસ ટાળી રહી છે.

પોલીસે તુષારભાઈના બેંક સ્ટેટમેન્ટ મેળવી લીધા છે અને આગામી દિવસોમાં મિલકતના દસ્તાવેજો અને બેંક ટ્રાન્ઝેક્શનની ઊંડાણપૂર્વક તપાસ કરશે, જેમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે. પોલીસે હવે એ દિશામાં તપાસ કરવી જોઈએ

...અનુસંધાન પાના ૧૩ પર

સુરતમાં 37.4 ડિગ્રી સાથે સિઝનનો સૌથી ગરમ દિવસ

મહિનાના અંત સુધીમાં તાપમાન 38થી 39 ડિગ્રી સુધી પહોંચી શકે

સુરતઃ શહેરમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમી જાણે કામે લાગી ગઈ છે. આજે શહેરનું મહત્તમ તાપમાન અઢી ડિગ્રી વધીને 37.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 19.8 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજનો દિવસ ફેબ્રુઆરી મહિનાનો જ નહીં, પરંતુ ચાલુ સિઝનનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ સાબિત થયો છે. આજે પારો 37 ડિગ્રીને પાર પહોંચ્યો હતો. હવામાન વિભાગ મુજબ હવામાં ભેજનું પ્રમાણ 36 ટકા રહ્યું હતું અને પશ્ચિમ દિશાનો પવન પ્રતિકલાક આશરે 3 કિલોમીટરની ઝડપે ફૂંકાયો હતો. ભેજનું પ્રમાણ ઓછી રહેતા દિવસ દરમિયાન તાપમાનમાં વધારો અનુભવાયો હતો. ફેબ્રુઆરી મહિનો સામાન્ય રીતે ઉનાળાની શરૂઆત માનવામાં આવે છે. મહિનાના અંત સુધીમાં તાપમાન 38 થી 39 ડિગ્રી સુધી પહોંચી શકે તેવી શક્યતા હવામાન નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં ધીમે ધીમે વધારો નોંધાઈ રહ્યો છે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ પર અવરજવર ઓછી જોવા મળી હતી. ગરમીમાં વધારો થતાં આરોગ્ય નિષ્ણાતો દ્વારા નાગરિકોને બપોરના સમયે અનાવશ્યક બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને હલકાં, સુકાં કપડાં પહેરવાની સલાહ આપવામાં આવી રહી છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ સાવચેતી રાખવી જરૂરી ગણાઈ છે. આગામી દિવસોમાં પણ તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા હોવાથી શહેરવાસીઓએ ઉનાળાની તીવ્રતા માટે તૈયાર રહેવું પડશે.

અબજોનો વહીવટ કરતી મનપા 70 ટકા ક્વોટાની ગણતરીમાં કેમ ગોથું ખાય છે?

સ્મીમેરમાં લોકલ ક્વોટા 175 સીટ કરવા શહેરના તબીબોની માંગ

સુરતના વિદ્યાર્થીઓ અને કરદાતાઓ માટે આ અન્યાય છે, મનપા ધારે તો શહેર હિતમાં ઝડપી નિર્ણય લઈ શકે છે

સુરતઃ સુરતની પ્રતિષ્ઠિત સ્મીમેર મેડિકલ કોલેજમાં વધેલી એમ.બી.બી.એસ. સીટોને લઈ સ્થાનિક ક્વોટાના મુદ્દે ફરી ચર્ચા જોર પકડી રહી છે. શહેરના તબીબો અને જાગૃત નાગરિકોએ એકસૂરે માંગ ઉઠાવી છે કે કોલેજ ઓટોનોમસ અને સેલ્ફ ફાઇનાન્સ આધારિત હોવા સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થાનિક હિત માટે સ્થાપિત કરવામાં આવી હોવાથી સુરતના વિદ્યાર્થીઓને યોગ્ય પ્રાથમિકતા મળવી જ જોઈએ. તબીબી આલમ અને શહેરના વાલી મંડળોનું કહેવું છે કે, સ્થાનિક કરદાતાઓના યોગદાનથી સંચાલિત સંસ્થામાં ઓછામાં ઓછી 85 ટકા સીટ લોકલ ક્વોટા હેઠળ ફાળવવી સમયની માંગ છે. 100માંથી 70 સીટ સુરત માટે ફાળવવાનો ઠરાવ થયો હતો અને હાલ 250 સીટ થયા બાદ પણ 70 ટકા ક્વોટા યથાવત રહ્યો છે, જે આશ્ચર્યજનક છે. સીટો 150 અને ત્યારબાદ 250 સુધી વધારાઈ હોવા છતાં સુરતના હિસ્સાને અનુરૂપ વધારો થયો નથી. કોર્ટના હસ્તક્ષેપ બાદ 85 ટકા સીટનો નિર્ણય થયો હોવા છતાં મેનેજમેન્ટ ક્વોટાના કારણે સુરતને માત્ર 70 સીટ જ મળી હતી. હવે વાલીઓ અને તબીબો દ્વારા પણ 100માંથી 70 સીટના ધોરણને 250 સીટ પર લાગુ કરવાની માંગ કરાઈ છે. તબીબોનું માનવું છે કે વધેલી સીટોને અનુરૂપ સુરતનો હક જાળવવો શહેરના હિતમાં અનિવાર્ય છે.

"સ્થાનિક હિત માટે સ્થાપિત સંસ્થામાં સ્થાનિકોને યોગ્ય હક મળવો જ જોઈએ."

"એક જાગૃત નાગરિક તરીકે અમારી નમ્ર પરંતુ દૃઢ માંગ છે કે સ્મીમેર મેડિકલ કોલેજ, જે ઓટોનોમસ અને સેલ્ફ ફાઇનાન્સ આધારિત સંસ્થા છે, તેમાં ઓછામાં ઓછા ૮૫% સીટ લોકલ ક્વોટા હેઠળ સુરતના વિદ્યાર્થીઓને મળવી જ જોઈએ. આ કોલેજનું સ્થાપન સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થાનિક નાગરિકોના હિત માટે કરવામાં આવ્યું હતું. તેથી સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવી એ ન્યાયસંગત અને તર્કસંગત છે. સ્થાનિક કરદાતાઓના યોગદાન અને શહેરની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, લોકલ ક્વોટા વધારવો સમયની માંગ છે.

- ડો.વિનોદ સી શાહ

સુરતના વિદ્યાર્થીઓનો હક જળવાઈ રહે, 250 સીટ થયા બાદ પણ 70% ક્વોટા યથાવત રહેવો જોઈએ

સ્મીમેર સંદર્ભે મનપામાં અગાઉ પસાર થયેલા ઠરાવ મુજબ સુરત શહેરને 100માંથી 70 સીટનો ક્વોટા ફાળવવામાં આવ્યો હતો. હવે મેડિકલ સીટોની સંખ્યા વધીને 250 થઈ ગઈ હોવા છતાં સુરતના વિદ્યાર્થીઓ માટેનો આ 70 ટકા ક્વોટા યથાવત રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો ક્વોટા

...અનુસંધાન પાના ૧૩ પર

100માંથી 70 સીટનો ઠરાવ, 250 સીટમાં પણ તે પ્રમાણે વધારો થવો જોઈએ

ભૂતકાળમાં આ મુદ્દે અમને ગુજરાત હાઈકોર્ટ સુધી જવું પડ્યું હતું અને તેના પરિણામે 100માંથી 70 સીટ નક્કી થઈ હતી. સમય જતાં સીટોની સંખ્યા વધતી ગઈ, પરંતુ મૂળ હેતુ ભૂલાતો ગયો. સ્મીમેર મેડિકલ કોલેજ પાછળ સુરત મહાનગર પાલિકા જ્યારે ખર્ચ કરે છે ત્યારે તેનો લાભ અને અધિકાર

...અનુસંધાન પાના ૧૩ પર

સ્મીમેરમાં વધેલી સીટો છતાં સુરતને પૂરતો હક મળ્યો નહીં

સુરતની પ્રતિષ્ઠિત સ્મીમેરમાં શરૂઆતમાં 100 સીટ સાથે કોલેજ શરૂ થઈ હતી. બાદમાં 50 સીટના વધારા માટે રજૂઆત કરવામાં આવી હતી. તે સમયે સીટો 150 સુધી વધારવામાં આવી, પરંતુ સુરત શહેરને અગાઉ મળતી 100માંથી 70 સીટના લાભમાં કોઈ વધારો કરવામાં આવ્યો નહોતો. 70 ટકાના પ્રમાણ મુજબ સુરતને અંદાજે 105 સીટ મળવી જોઈતી હતી, પરંતુ કેટલાક કારણોસર તે મળી નથી. કોર્ટના હસ્તક્ષેપ બાદ 85 ટકા સીટ મળવાનો નિર્ણય થયો હતો, પરંતુ બાકી રહેલી 15 ટકા સીટ મેનેજમેન્ટ ક્વોટાના નામે ઘટાડીને સુરતને ફરી 70 સીટ જ આપવામાં આવી હતી. હાલમાં કોલેજમાં 250 સીટની વ્યવસ્થા છે. જો 70 ટકાનો હિસ્સો યથાવત રાખવામાં આવે તો સુરતને 175 સીટ મળવી જોઈએ, જે શહેરના હિતમાં જરૂરી છે. સુરત જેવા વિકસતા શહેરને તબીબી શિક્ષણમાં પૂરતો હક મળવો જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

- ડો.યોગેશ સી દેસાઈ, મેનેજિંગ ડિરેક્ટર એન્ડ કન્સલ્ટિંગ ફિઝિશ્યન, ઉધના હોસ્પિટલ

ભરૂચ જિલ્લામાં ગરમી શરૂ થતાં જ માવઠું આવી ગયું

કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો



ભરૂચ, અંકલેશ્વરઃ હવામાન વિભાગની આગાહી વચ્ચે સોમવારે વહેલી સવારથી જ ભરૂચ જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ભરૂચ શહેર સહિત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વહેલી સવારે વરસાદી ઝાપટાં પડ્યા હતા.

જંબુસર પંથકમાં પવન સાથે કમોસમી વરસાદ ખાબકતા જનજીવન પ્રભાવિત થયું હતું. જંબુસર તાલુકાના કોરા ગામ અને આસપાસના વિસ્તારોમાં વીજળીના કડાકા અને તેજ પવન સાથે માવઠું થયું હતું. શિયાળાની ઋતુમાં અચાનક થયેલા આ ફેરફારને કારણે સમગ્ર પંથકમાં

...અનુસંધાન પાના ૧૩ પર

આગામી 24 કલાકમાં મધ્ય-દક્ષિણ ગુજરાત સહિત માવઠાની વકી

સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી જિલ્લાઓમાં હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટા પડવાની શક્યતા

ગાંધીનગરઃ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હવામાન મોટાભાગે સૂકું રહ્યું હતું. ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દમણ, દીવ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વરસાદી પ્રવૃત્તિ નોંધાઈ નથી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે રાજ્યના બાકીના વિસ્તારોમાં ખાસ ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું, જ્યારે દક્ષિણ ગુજરાત અને અન્ય વિસ્તારોમાં સામાન્યથી થોડું વધુ નોંધાયું હતું. અમરેલી અને રાજકોટમાં 36 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ગુજરાતમાં હવામાનમાં આંશિક પલટાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની તાજી આગાહી મુજબ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટા પડી શકે છે, જ્યારે બાકીના વિસ્તારોમાં સુકું હવામાન યથાવત રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર અને મધ્ય ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી જિલ્લાઓમાં એકાદ

...અનુસંધાન પાના ૧૩ પર

કમિ. બદલાતાં જ રાજમાર્ગ પર ફરી દબાણ

પોલીસે પેટ્રોલિંગ બંધ કરી દીધું અને મનપા તંત્રએ હાથ ઊંચા કરી દીધા

મેયર અને પોલીસ કમિશનરનો આદેશ 'ચાર દિન કી ચાંદની' જેવો બની રહ્યો

(તસવીર : સતીષ જાદવ)

રાજમાર્ગનાં દબાણો હટાવવા માટે અમે ચોક્કસ પ્લાન વિચારી રહ્યા છીએ: મ્યુનિ.કમિશનર એમ. નાગરાજન

રાજમાર્ગ પર અગાઉ હટાવાયેલા દબાણો ફરીથી થઈ ગયા હોવા અંગે સુરત મહાપાલિકાના મ્યુનિ.કમિ. એમ. નાગરાજને જણાવ્યું હતું કે, આ દબાણો સહિતના દબાણો અમારા ધ્યાનમાં છે પરંતુ અમે આ માટે ચોક્કસ પ્લાન વિચારી રહ્યા છીએ. એક વખત દબાણો હટાવીને ફરીથી ઉભા થાય તેવી રીતે કામગીરી કરવાનો કોઈ મતલબ નથી. આગામી દિવસોમાં આ માટે મેગા ઓપરેશન કરાશે.

સુરતઃ શહેરના કોટ વિસ્તારમાં આવેલા રાજમાર્ગ પર દબાણો ફરી પાછા યથાવત થઈ જતાં સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. અગાઉ મેયર દક્ષેશ માવાણીએ વરાછા રોડ પર પોલીસ કમિશનર સાથે મળીને દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કર્યા બાદ કોટ વિસ્તારમાં સૌથી વધુ ટ્રાફિક ધરાવતા રાજમાર્ગ પર પણ દબાણકારો સામે લાલ આંખ કરવામાં આવી હતી. તે સમયે તત્કાલીન મનપા કમિશનર શાલીની અગ્રવાલના કડક આદેશ બાદ મનપા અને પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

દિવસો સુધી સતત પોલીસ પેટ્રોલિંગ અને કાર્યવાહી થતાં દબાણકારો ગાયબ થઈ ગયા હતા અને માર્ગ પર વાહનવ્યવહાર સરળ બન્યો હતો. જોકે હાલ પરિસ્થિતિ ફરી પહેલાં જેવી બની ગઈ છે. પોલીસની કડકાઈ ઓછી થતાં અને શાલિની અગ્રવાલની બદલી બાદ મનપાનું તંત્ર પણ ઢીલું પડ્યું હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. હાલ રમઝાન માસ ચાલુ હોવાથી સ્થિતિ વધુ વિકટ બની છે. રાજમાર્ગ પર બંને બાજુ રાત્રે આઠ વાગ્યાથી વિવિધ ચીજવસ્તુઓ

...અનુસંધાન પાના ૧૩ પર

કાપોદ્રાના કિશોરની લાશ ભેદી રીતે પોલીસ ચોકી પાસેથી મળી

સુરતઃ શહેરના કાપોદ્રા વિસ્તારમાં રહેતા ૧૭ વર્ષીય કિશોરનું પુણાગામ પોલીસ ચોકી નજીક ભેદી સંજોગોમાં મોત નીપજતા ચકચાર મચી ગઈ છે. ઘટના બાદ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, કાપોદ્રાની રામકૃષ્ણ કોલોનીમાં રહેતો આશિષ વિજયભાઈ રાઠોડ રવિવારે સાંજના સમયે પુણાગામ પોલીસ ચોકી

...અનુસંધાન પાના ૧૩ પર

વાલોડમાં ટ્યુશન ક્લાસ ચલાવતા શિક્ષકનું શરમજનક કૃત્ય

સગીરાના મોં પર શિક્ષકે પ્રાઈવેટ પાર્ટ મૂકી દીધો

કોઈને જાણ કરશે તો હું તને જાનથી મારી નાંખીશ તથા હું પણ મરી જઈશ એવી ધમકી પણ આપતો હતો

વાલોડઃ વાલોડમાં ખાનગી ટ્યુશન ચલાવતા શખ્સે એક સગીર વિદ્યાર્થિની ઉપર દાનત બગાડી અડપલાં કરતાં ચકચાર મચી ગઈ છે. આ વિકૃત મગજનો શિક્ષક છેલ્લા ઘણા સમયથી તેણીને હેરાન કરતો હોય, આ બાબતે સગીરાએ તેનાં માતા-પિતાને જાણ કરતાં તેઓ ચોંકી ઊઠ્યા હતા, અને તેમણે આ નરાધમ વિરુદ્ધ વાલોડ પોલીસનાં દ્વાર ખખડાવ્યાં હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડ વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં એક ખાનગી ટ્યુશન ક્લાસિસ ચલાવતો શિક્ષક જ વિદ્યાર્થિનીઓને પોતાની હવસનો શિકાર બનાવી રહ્યો છે. આ ઘટના છેલ્લા 6 માસ પહેલાની હોવાનું જાણવા મળે છે. આ શિક્ષક પોતાના ટ્યુશન ક્લાસિસમાં આવતા વિદ્યાર્થીઓને ક્લાસ વર્ક આપી એક સગીરાને એકલામાં હોલની પાછળ આવેલી રૂમમાં ભણવાના બહાને બોલાવતો હતો. એટલું જ નહીં સગીરાની એકલતાનો લાભ લઈ આ શખ્સ સગીરાના ગાલ તેમજ શરીર અને છાતી ઉપર હાથ ફેરવી પોતાનો પ્રાઈવેટ પાર્ટ સગીરાના મોં

...અનુસંધાન પાના ૧૩ પર

મોટ ચતુર્વેદી બ્રાહ્મણ અવસાન

સ્વ. અરવિંદભાઈ ભવાનીશંકર જોશી
સ્વ.તા. ૨૩/૨/૨૦૨૬
નિવૃત્ત આચાર્ય
કે. એન્ડ એમ.પી પટેલ
સાર્વ. વિદ્યાલય, અમરોલી

સખેદ જણાવવાનું કે અમારા ભાઈશ્રી પિતાશ્રી અરવિંદભાઈ ભવાનીશંકર જોશી તા. ૨૩/૨/૨૦૨૬ સોમવારના રોજ ન્યુઝીલેન્ડ મુકામે રંગશરણ થયેલ છે. સદ્ગતનું શ્વસુરપક્ષનું બેસણું તા. ૨૮/૨/૨૦૨૬, શનિવારના રોજ અમરોલી મુકામે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન રાખેલ છે. પ્રભુ દિવ્યાત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના. લૌકિક રિવાજ સદંતર બંધ છે

લિ. શોકાતુર
શ્રી ભરતકુમાર ભવાનીશંકર જોશી(ભાઈ)
મો. ૯૦૮૧૬૨૫૨૨૯
શ્રી ભદ્રેશ અરવિંદભાઈ જોશી (પુત્ર)
શ્રી વિપુલકુમાર (દત્તુ) અરવિંદભાઈ જોશી (પુત્ર)
મો. + ૬૪૨૧૧૮૫૩૮૧
શ્રી હિરેન અરવિંદભાઈ જોશી (પુત્ર)
મો. + ૬૧૪૨૪૫૦૫૦૨
કૌશિકાબેન નરેશભાઈ જોશી
(૯૮૨૫૬૫૨૨૫)
(ધ્યેય, આર્ય, આદિ (પૌત્રો) આરાધ્યા (પૌત્રી)

શ્વસુરપક્ષ
અમૃતલાલ કે. પંડ્યા
કાંતિલાલ કે. પંડ્યા
ગિરીશ જે. પંડ્યા
નિલેશ એન. પંડ્યા

બેસણાનું સ્થળ : ૧૦ ગ્રામલક્ષ્મી સોસાયટી, કોલેજ રોડ, અમરોલી મો. ૯૯૦૯૯૯૬૦૧૮

દુઃખદ અવસાન - સંયુકત બેસણું

સ્વ. હંસાબેન ડાહ્યાભાઈ પટેલ
જન્મ તા. : ૧૪-૦૫-૧૯૪૦
સ્વ.તા: ૨૩-૦૨-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી
હંસાબેન ડાહ્યાભાઈ પટેલનું તાઃ ૨૩-૦૨-૨૦૨૬
સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદગતનું સંયુકત બેસણું બુધવારે તા. ૨૫-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન નીચેના સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ.
શ્રી જગદીશભાઈ ડાહ્યાભાઈ પટેલ
શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ
શ્રી મનસુખભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. હર્ષદભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ. મજુલાબેન હરીશભાઈ પટેલ

પીયર પક્ષ
શ્રી યોગેશભાઈ લલિતભાઈ પટેલ
શ્રી ભરતભાઈ લલિતભાઈ પટેલ
સ્વ. પરેશભાઈ લલિતભાઈ પટેલ
શ્રી પિયુષભાઈ અમરતભાઈ પટેલ
શ્રી ભાવિનભાઈ ઈશ્વરભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

બેસણાનું સ્થળ :પાદર સ્ટ્રીટ, રૂંઢ મગદલ્લા, સુરત.

ક્ષત્રિય દુઃખદ અવસાન / બેસણું



સ્વ.શ્રી જયવદન આત્મારામ હાથીવાલા
સ્વ. તા. ૨૨-૦૨-૨૦૨૬
રવિવાર

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ **શ્રી જયવદન આત્મારામ હાથીવાલા** નું તા. ૨૨-૦૨-૨૦૨૬ રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતની આત્માને શાંતી આપે એવી પ્રભુ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા. ૨૫-૦૨-૨૦૨૬ બુધવાર ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ દરમ્યાન પંચમ હાઈટ્સ, અલથાણ ભીમરાડ રોડ, અલથાણ, સુરત મુકામે રાખેલ છે.
લૌકિક રિવાજ બંધ રહેશે.

લિ.
ગ. સ્વ. લીલાબેન જયવદન હાથીવાલા
પ્રેમલ જયવદન હાથીવાલા | શિલ્પા પ્રેમલ હાથીવાલા
સ્નેહલ જયવદન હાથીવાલા | નિકિતા સ્નેહલ હાથીવાલા
જીત, પ્રિશા, કૂપર તથા સમસ્ત હાથીવાલા પરિવાર

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. હર્ષદરાય શાંતિલાલ તમાકુવાલા સ્વ. તા.૨૨/૦૨/૨૦૨૨
સ્વ. હંસાબેન હર્ષદરાય તમાકુવાલા સ્વ. તા.૨૪/૦૨/૨૦૨૧

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ॥
જ્યાં જ્યાં નજર અમારી ઠરે, ત્યાં ત્યાં યાદ ભરી છે આપની !!! આપના ચહેરા પરની સ્થિર રેખાઓ એટલે આપનો દ્રઢ અચલ નિર્ધાર, આપના સંકલ્પો એટલે સંજોગો ને ય પલટાવવાની અજબ જાદુગરી !!! આપનું અડીખમ વ્યક્તિત્વ અમને આપે છે નીડરતા અને હિંમત, જીવનની હર ક્ષણે બની રહો અમારા પથદર્શક. પ્રભુ અમારા વ્હાલા આપના ચરણકમળમાં શાંતિ આપજો પૂરી.

લિ.
હિમાંશુ હર્ષદરાય તમાકુવાલા
આનંદ હર્ષદરાય તમાકુવાલા
ઝંખના આનંદ તમાકુવાલા
જીયા આનંદ તમાકુવાલા
તેમજ સમસ્ત શાંતિલાલ મોતીરામ તમાકુવાલા પરિવાર